PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા–૦૩/૧૬–૧૭/ ૪૦૨૮૩ તા. ૧૭/૧૧/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
શ્રી રવજીભાઈ માધાભાઈ કણજારીયા,
C/O, સુવિધા કોમ્પ્યુટર એન્ડ ઝેરોક્ષ,
બેન્ક ઓફ બરોડા ની સામે,
પડધરી
જી: રાજકોટ
મો: ૯૪૨૭૪ ૩૮૨૩૦

વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૧૦–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૯/ક્વા–૦૩/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૩.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, પડધરી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૯/ક્વા–૦૩/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૧૧–૧૧–૧૬ સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: શ્રી રવજીભાઈ માઘાભાઈ કણજારીયા, ગામ: પડઘરી

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પુત્ર ગીરીશભાઈ રવજીભાઈ કણજારીયા હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, પડધરી (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર : પી.બી.ભાડજા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી સ્પષ્ટતા કરતા, ફોરમ કમિટી ને જણાવવામા આવેલ છે કે, અરજદાર ની ખેતીવાડી ના નવા વીજજોડાણ માટે ની, ગામ: પડધરી ના સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા, તા.૧૩–૧૧–૦૯ ના રોજ નોંધાવેલ અરજી વાળુ જોડાણ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. આ જમીન, સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ તેઓએ શ્રી લાલજીભાઈ માઘાભાઈ પાસેથી તા.૧૬–૦૨–૧૯૯૮ ના રોજ ખરીદેલ છે. માંગણી મુજબ ની જગ્યા એટલેકે સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સંયુકત માલીકી નો કુવો છે. અને તે કુવા પર અન્ય ભાગીદાર શ્રી લાલજીભાઈ માઘાભાઈ, જે જોડાણ મેળવી અને તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૧ મા પિયત કરે છે. અરજદારે ખરીદેલ જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા, સ્વતંત્ર કુવો બનાવેલ છે. અને આ સ્વતંત્ર કુવા પર, તા.૧૩–૧૧–૦૯ ની અરજી વાળુ જોડાણ, રીલીઝ કરાવી, અને તેઓ મુળ માંગણી મુજબ ની સીચાઈ ની જમીન મા, એટલેકે જે જમીન પર કુવો બનેલ છે તેજ સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવા જોડાણ ઈચ્છે છે. પરંતુ પીજીવીસીએલ તરફથી, તેમની અંગત કુવા પર ની માંગણી તેમજ ભાગીદારી વાળા કુવા પર ની માંગણી મુજબ ના સ્થળ પર જોડાણ આપી, અને તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે, સદર અરજી પરત્વે કોઈ ધ્યાન અપાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ખેતીવાડી ના નવા વીજજોડાણ માટે ની, ગામ: પડધરી ના સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા, તા.૧૩–૧૧–૦૯ ના રોજ સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે રૂ.૨૦૦/– નોંધણીચાર્જ તા.૧૩–૧૧–૨૦૦૯ ના રોજ ભરપાઈ કરી અને નોંધાવેલ હતી. આ અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા સમયે થયેલ સ્થળ ચકાસણી સમયે, માંગણી મુજબ ના મુળ સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા, શ્રી લાલજીભાઈ માઘાભાઈ કણજારીયા ના નામનુ, એક ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૫૦૦૧/૦૫૦૦૮/૧ હૈયાત હોવાનુ જણાયેલ હતુ. પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા હેઠળ ના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટિક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, એક જગ્યા પર બીજુ જોડાણ આપવાની બાબત નિયમાધીન ન હોવાના કારણોસર ની જાણકારી, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ હતી. આમ, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની મુળ માંગણી મુજબ ના સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે, બીજુ જોડાણ આપી શકાય નહી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી રવજીભાઈ માધાભાઈ કણજારીયા એ, તેમની ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા, ખાસ સ્પષ્ટતા સાથે જણાવેલ છે કે, તેઓ શ્રી એ, સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ વાળી ખેતીવાડી ની જમીન, કે જેમા સંયુકત માલીકી નો કુવો આવેલ છે, તે સંયુકત માલીકી ( શ્રી રવજીભાઈ માધાભાઈ કણજારીયા તથા શ્રી લાલજીભાઈ માધાભાઈ કણજારીયા ની સંયુકત માલીકી વાળો કુવો) ના કુવા વાળી સદર સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ વાળી ખેતીવાડી ની જમીન તેઓએ શ્રી લાલજીભાઈ માધાભાઈ પાસેથી તા.૧૬–૦૨–૧૯૯૮ ના રોજ ખરીદેલ છે. અને તે મુજબ, આ સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ વાળી જમીન મા આવેલ સંયુકત માલીકી ( શ્રી રવજીભાઈ માધાભાઈ કણજારીયા તથા શ્રી લાલજીભાઈ માધાભાઈ કણજારીયા ની સંયુકત માલીકી વાળો કુવો) ના કુવા પર ના અન્ય ભાગીદાર શ્રી લાલજીભાઈ માધાભાઈ, જે ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૫૦૦૧/૦૫૦૦૮/૧ મેળવી અને, તેમની એટલેકે શ્રી લાલજીભાઈ માધાભાઈ કણજારીયા ની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૧ મા પિયત / સીચાઈ કરે છે. પરંતુ, સંયુકત માલીકી ના આ કુવા મા આવેલ આ જોડાણ માથી, શ્રી લાલજીભાઈ માધાભાઈ કણજારીયા, અરજદારે ખરીદેલ જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરતા નથી. આમ, ફરીયાદી અરજદાર શ્રી શ્રી રવજીભાઈ માધાભાઈ કણજારીયા ની, હાલ ના તબ્બકા ની સ્વતંત્ર માલીકી ની જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે નુ કોઈ ખેતીવાડી વીજજોડાણ, જે સદર સંયુકત માલીકી ના કુવા પર હૈયાત નથી. |
| ૩.૨ | ઉપરોકત મુદદા નં. ૩.૧ મા દર્શાવ્યા મુજબ ની વિગતે ના, સંયુકત માલીકી ના કુવા પર જે જોડાણ હૈયાત છે, તે જોડાણ માથી, સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા નહી, પરંતુ સર્વે નંબર : ૨૬૦ પૈકી ૧ મા શ્રી લાલજીભાઈ માધાભાઈ કણજારીયા સીચાઈ કરે છે. આમ, સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે હાલ ના તબ્બકે, કોઈ ખેતીવાડી વીજજોડાણ હૈયાત નથી, તે બાબત ફરીયાદી અરજદાર શ્રી એ આ બાબત ફોરમ સમક્ષ દસ્તાવેજીક આધાર–પુરાવા સાથે સ્પષ્ટ કરેલ છે. અને અરજદાર શ્રી તરફથી, ફોરમ સમક્ષ વિશેષમા જણાવ્યા મુજબ, તેઓ શ્રી એ, ખરીદેલ સદર સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ વાળી જમીન મા, જે સંયુકત માલીકી નો જે કુવો આવેલ છે, તે કુવામા તેમની કાયદેસરની હિસ્સેદારી / ભાગીદારી છે. અને ભાગીદાર ની રૂ એ મળેલ કાયદેસર હિસ્સેદારી ના ભાગરૂપ, તેઓ શ્રી સદર સંયુકત માલીકી ના કુવા પર તેમના નામનુ જોડાણ મેળવીને, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ ( જે જમીન પર હાલ ના તબ્બકે, સીચાઈ કરવા માટે કોઈ જોડાણ હૈયાત ન હોય, તે જમીન) મા સીચાઈ કરવા માટે કાયદેસર હકકદાર છે. તેમ છતા,અરજદાર શ્રી એ ખરીદેલ સદર જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા, તેઓ શ્રી એ તેમની અંગત માલીકી નો કુવો બનાવેલ છે. આમ, તેમની અંગત માલીકી ની, સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે, અરજદાર શ્રી સદર જમીન પર આવેલ સંયુકત માલીકી વાળા કુવા પર અથવા તો તેમની અંગત માલીકી ના કુવા પર, નવુ જોડાણ મેળવવા માટે ઈચ્છે છે. ફરીયાદી અરજદાર શ્રી ની આ મુજબની માંગણી, કાયદેસર રીતે યોગ્ય છે. |
| ૩.૩ | ઉપરોકત મુદદા નં.૩.૨ મુજબ ની વિગતો અભ્યાસે લેતા, એ સ્પષ્ટ થયેલ છે કે, ફરીયાદી અરજદાર શ્રી એ તા.૧૬–૦૨–૧૯૯૮ ના રોજ ખરીદેલ ખેતીવાડી જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે ના હેતુ નુ, કોઈપણ કનેકશન હૈયાત નથી. સદર સર્વે નંબર પર આવેલ સંયુકત માલીકી ના કુવા પર જે શ્રી લાલજીભાઈ માધાભાઈ કણજારીયા ના નામનુ, જે ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૫૦૦૧/૦૫૦૦૮/૧ હૈયાત છે, તે ખેતીવાડી વીજજોડાણ નો ઉદેશ, શ્રી લાલજીભાઈ માધાભાઈ કણજારીયા તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૧ મા સીચાઈ કરવા માટે નો છે, પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી એ ખરીદેલ અને નવા જોડાણ માટે નોંધાયેલ તા.૧૩–૧૧–૨૦૦૯ ના રોજ ની અરજી મા કરાયેલ માંગણી મુજબ ની જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે નો નથી. જેથી, સદર જમીન પર આવેલ સંયુકત માલીકી ના કુવા, કે જેમા એક ખેતીવાડી વીજજોડાણ હૈયાત છે, તે કુવા ને સીચાઈ નુ સ્થળ ( જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ ) નો દરજ્જો ન આપી શકાય. પરંતુ, માત્ર જોડાણ વાળા સ્થળ નો દરજ્જો જ આપી શકાય. સદર જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ પર આવેલ સંયુકત માલીકી ના કુવા પર ના બન્ને ભાગીદારો, તેઓ શ્રી ના નામના અલગ–અલગ જોડાણો મેળવી અને, તેઓ શ્રી ની અંગત માલીકી ની જમીન પર અલગ અલગ રીતે / સ્વતંત્ર પણે સીચાઈ કરી શકે છે. આ બાબત કાયદેસર રીતે અને નિયમાધીન યોગ્ય છે. |

**૩.૪** આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧, ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે ની તમામ બાબતો અભ્યાસે લેતા, એ સ્પષ્ટ થયેલ છે કે, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવાના હેતુ માટે નુ કોઈપણ જોડાણ હૈયાત નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી એ, નોંધાવેલ તા.૧૩–૧૧–૨૦૦૯ ના રોજ ની નોંધાયેલ અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે ફરીયાદી અરજદાર શ્રી, સદર જમીન સર્વે નંબર સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા આવેલ તેમની ભાગીદારી / કાયદેસર હિસ્સાવાળા સંયુકત માલીકી ના કુવા પર જોડાણ ચાલુ કરાવી અને, જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરી શકે છે. આ બાબત, અરજદાર શ્રી ને મળેલ, તેમના અંગતપણા હેઠળ ના કાયદેસર ના હકક / હિસ્સા / ભોગવટા સબંધક હોય, ફોરમ કમિટી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની આ મુજબ ની માંગણીવાળી બાબત ને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી હોવાનો નિષ્કર્ષ થયેલ છે.

**૩.૫** ઉપરોકત મુદદા નં. ૩.૪ મુજબ ની વિગત ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી એ ખરીદેલ સદર જમીન સર્વે નંબર સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨, કે જેમા તેમની સહીયારી ભાગીદારી વાળો એક કુવો છે, તે ઉપરાંત નો, તેમની અંગત માલીકી નો એક કુવો સદર સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ વાળી જમીન મા, ફરીયાદી અરજદાર શ્રી એ બનાવેલ છે. ફરીયાદી અરજદાર શ્રી તેમની મુળ તા.૧૩–૧૧–૨૦૦૯ ના રોજ ની નોંધાયેલ અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે અંગત માલીકી ની જમીન સર્વે નંબર : સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા આવેલ, તેમની અંગત માલીકી ના કુવા પર પણ, સદર નવુ ખેતીવાડી વીજજોડાણ ચાલુ કરાવી અને, જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરી શકે છે. ફોરમ કમિટી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની આ મુજબ ની માંગણીવાળી બાબત ને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી હોવાનો નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :**

## હુકમ

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ અને ૩.૫ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા, નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની તા.૧૩–૧૧–૨૦૦૯ ની અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે સદર જમીન પર આવેલ સંયુકત માલીકી ના કુવા પર, અથવા તો અરજદાર શ્રી એ બનાવેલ અંગત માલીકી ના કુવા પર મેળવી અને, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૨૬૦ પૈકી ૨ મા સીચાઈ કરવા માટે કાયદેસર રીતે હકકદાર હોય, ફરીયાદી અરજદાર શ્રી ની આ મુજબ ની માંગણી સ્વીકારી, અને તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ને નવુ જોડાણ આપવાની, મંજુરી અન્વયે ની તમામ નિયમાધીન કાર્યવાહી, દિન–૨૦ મા પૂર્ણ કરી, અને મંજુરી સબબ નુ ભાવપત્રક, ફરીયાદી અરજદાર શ્રી ને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..**